ફોન નં.૦૨૭૪૨ – ૨૫૪૩૧૯
ફેકસ નં. ૦૨૭૪૨ – ૨૫૪૪૧૯
ઇ-મેઇલ નં.dbcwo-ban@gujarat.gov.in
તા. ૨૩/૦૧/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
.........................
.....................(તમામ)

વિષય :- ડીજીટલ ગુજરાત પોર્ટલ પર વર્ષ : ૨૦૨૦-૨૧ માં સરસ્વતી સાધના(સાયકલ સહાય) યોજના અન્વયે અનુસૂચિત જાતિની બાકી રહેલ વિદ્યાર્થીનીઓ ઓનલાઇન તથા હાર્ડકોપીમાં દરખાસ્ત મોકલવા બાબત.

સંદર્ભ :- (૧) અત્રેની કચેરીના પરીપત્ર નં.ના.નિ./અજાક/૨૦-૨૧/૩૦૯૭ થી ૩૧૬૭ તા.૨૧/૦૭/૨૦૨૦
(૨) અત્રેની કચેરીના પરીપત્ર નં.ના.નિ./અજાક/સાયકલ/૯૩૩૧ થી ૯૩૮૦ તા.૨૨/૧૦/૨૦૨૦

જયભારત સહ ઉપરોક્ત વિષય તથા સંદર્ભ (૧) વાળા પત્ર અન્વયે જણાવવાનું કે, સરસ્વતી સાધના યોજના અંતર્ગત અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની સાયકલ અંગેની દરખાસ્ત ડીજીટલ ગુજરાત પોર્ટલ પર સમયસર વહેલી તકે ઓનલાઇન કરવા તેમજ સમયસર કામગીરી પુર્ણ કરવા જણાવવામાં આવેલ હતુ. ઉપરોક્ત સંદર્ભ (૨) વાળા પત્ર અન્વયે આપની શાળા દ્વારા નિયત સમય મર્યાદામાં સાયકલ અંગેની દરખાસ્ત ઓનલાઇન કરેલ ન કરેલ હોઇ તો તા. ૩૦/૧૦/૨૦૨૦ સુધીમાં કામગીરી પુર્ણ કરી અત્રેની કચેરીએ હાર્ડ કોપી મોકલી આપવા જણાવવામાં આવેલ. તેમ છતાં આજ દિન સુધી સરસ્વતી સાધના સાયકલ સહાય યોજનાની ઓનલાઇન કરેલ દરખાસ્તોની હાર્ડ કોપી અત્રેની કચેરીએ મળેલ નથીં. તો આ દરખાસ્તોની હાર્ડ કોપી તા.૩૧/૦૧/૨૦૨૦ સુધીમાં અત્રેની કચેરીએ જમા કરાવાવા જણાવવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે વર્ષ : ૨૦૨૦-૨૧ માં આપની શાળામાં અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની દરખાસ્ત ઓનલાઇન કરવાની બાકી રહી ગયેલ હોઇ તો દરખાસ્ત ઓનલાઇન કરી તેની હાર્ડ કોપી અત્રેની કચેરીએ ઉક્ત પત્રમાં જણાવેલ સમય મર્યાદામાં તાત્કાલિક મોકલી આપવી તેમજ આપની શાળામાં અનુસૂચિત જાતિની વિદ્યાર્થીઓની સાયકલ સહાય અંગેની માહિતી નીલ હોઇ તો નીલ માહિતી અંગેની સાયકલ સહાયની દરખાસ્ત સામેલ પત્રક મુજબ મોકલી આપવાનું રાખશો. આ માહિતી સમય મર્યાદામાં નહિ મળે તેમજ કોઇ વિદ્યાર્થીનીઓ લાભથી વંચિત રહી જશે તો તે અંગેની સઘળી જવાબદારી આપની રહેશે. જેની જાણ થવા સારૂ.

ક્રમાંક:–મા.વિ./પરીપત્ર/૨૦૨૧/૮૪૨૬

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તારીખ : ૧૯/૦૧/૨૦૨૧ (૨૧)

૨/–નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,જોરાવર પેલેસ,પાલનપુરના પત્ર ક્રમાંક:અજાક/સાયકલ/૪૩૯ થી ૪૯૯/૨૦૨૧–૨૨,તા.૧૩/૧/૨૦૨૧ નો પત્ર અન્વયે જાણ તથા ઉપરોકત વિગતે અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિનસરકારી,શાળાઓ તમામ,
જિ. બનાસકાંઠા

Scanned by CamScanner